આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **04-09-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## રાજ્યમાં વરસાદ પછીની સર્વેની કામગીરી

રાજ્યના કેટલાંક જિલ્લામાં પડેલા અતિભારે વરસાદની સ્થિતિનો તાગ મેળવવા માટે કેન્દ્ર સરકારના છ સભ્યોની એક ટીમ રાજ્યની મુલાકાતે આવશે. આ ટીમ રાજ્યનાં અધિકારીઓ સાથે મળીને નુકસાનીનો સર્વે કરશે. આજે એક પત્રકાર પરિષદમાં રાહત કમિશનર આલોક પાંડેએ જણાવ્યું કે, કચ્છ સહિત વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, ખેડા, ગાંધીનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, નર્મદા, નવસારી અને પોરબંદર, મોરબી તથા વલસાડ જિલ્લાઓમાં કુલ ૧ હજાર ૧૨૦ ટીમ દ્વારા સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ 14 જિલ્લામાં એક લાખ 69 હજાર લોકોને અત્યાર સુધી 8 કરોડ રૂપિયાથી વધુની રોકડ સહાય ચૂકવવામાં આવી છે. ઘરવખરી અને કપડા સહાય માટે અત્યાર સુધીમાં ૫0 હજારથી વધુ પરિવારોને 20 કરોડ રૂપિયાથી વધુ રકમ ચૂકવાઈ છે.

રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદના કારણે કુલ  બે હજાર ૬૧૮ મૃત પશુઓના માલિકોને કુલ એક કરોડ 78 લાખની સહાય આપવામાં આવી છે.

હવાઇ દળ અને તટરક્ષક દળની મદદથી 37 હજારથી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. શ્રી પાંડેએ જણાવ્યું કે, ભારે વરસાદથી બિસ્માર બનેલા રસ્તાનું રીપેરીંગ કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે.. માર્ગ મકાન વિભાગ દ્વારા અત્યાર સુધીમાં 2 હજાર 223 કિલોમીટરનાં માર્ગનું રિપિરીંગ કરવામાં આવ્યું છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો ફાયદો

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાથી સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ ખેડૂતો સુધી પહોંચાડવામાં આવી રહી છે ત્યારે ભારે વરસાદ જેવી કુદરતી આફત વચ્ચે પણ પ્રાકૃતિક ખેતીના ફાયદા જગતના તાતને થઇ રહ્યા છે. હાલ કચ્છમાં ભારે વરસાદની સ્થિતીમાં વર્ષોથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને સૌથી મોટો ફાયદો જમીનમાં પાણી ન ભરાવવાના કારણે થયો છે. એક તરફ રાસાયણિક ખેતી કરતા ખેડૂતોના ખેતરો પાણીથી જળબંબાકાર હતા ત્યાં બીજીતરફ પ્રાકૃતિક ખેતી કરનાર કિસાનોની જમીનમાં ઓછા સમયમાં પાણી ઉતરી ગયા હતા. આમ, પ્રાકૃતિક ખેતી માત્ર સારા ઉત્પાદન માટે નહીં પરંતુ જળ

વ્યવસ્થાપનના કારણે ઊંડા જઈ રહેલા ભૂગર્ભજળના સ્તરને સુધારવા, અતિવૃષ્ટિ કે ભારે વરસાદમાં પાકને નુકસાનથી પણ બચાવે છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------------

## પોષણમાસ અભિયાનનો પ્રારંભ

સમગ્ર દેશમાં પોષણ અભિયાન અંતર્ગત રાજ્યમાં ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મહિલા અને બાળ વિકાસ કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવી અને રાજ્યકક્ષાના મંત્રી ભાનુબેન બાબરિયાએ પોષણ માસની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. સાતમાં પોષણ માસની ઉજવણી કચ્છ જિલ્લામાં પણ કરવામાં આવી રહી છે. જેમાં જિલ્લાની વિવિધ આંગણવાડીઓમાં સ્થાનિક મહાનુભાવો અને આંગણવાડીના લાભાર્થીઓની ઉપસ્થિતિમાં સાતમાં પોષણ માસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત પોષણ શપથ લઈ જાગૃતિ કાર્યક્રમોનો પ્રારંભ કરાયો હતો.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------------

## ઔદ્યોગિક તાલિમ સંસ્થા પ્રવેશ પ્રક્રિયા

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીધામ દ્વારા વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમની તાલીમ અપાય છે. જે અંતર્ગત વિવિધ વ્યવસાયલક્ષી

અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયા યોજવામાં આવી હતી. જેમાં ખાલી રહેલી બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ વહેલા તે પહેલાના ધોરણે  આઈ.ટી.આઈ ગાંધીધામ ખાતે રૂબરૂ હાજર રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

માહિતી ખાતુ

---

## માતાના મઢ ખાતે નવરાત્રિ અંગેની તૈયારીઓ

યાત્રાધામ માતાનામઢ ખાતે આશાપુરા માતાજીના મંદિરે આગામી બીજી ઓક્ટોબરે ઘટસ્થાપનની ધાર્મિક વિધિ બાદ આશ્વિન નવરાત્રિનો પ્રારંભ થશે, જેને લઇને આગોતરી તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે. દેશદેવી માં આશાપુરા માતાજીના સ્થાનક માતાનામઢમાં આગામી આસો નવરાત્રિ પર્વનો પ્રારંભ મઢ જાગીરના અધ્યક્ષ યોગેન્દ્રસિંહજી રાજાબાવાના હસ્તે ઘટસ્થાપનની ધાર્મિકવિધિ બાદ 3 ઓક્ટોબર ગુરૂવારથી થશે. આસો સુદ સાતમ અને 10 મી ઓક્ટોબરે મોડી રાતે શ્રીફળ હોમ સાથે આ પર્વનું સમાપન થશે. તો બીજી તરફ અશ્વિન નવરાત્રિ પર્વના ચાર-પાંચ દિવસ અગાઉ શ્રાદ્ધ પક્ષના પાછલા દિવસોથી જ યાત્રિકો, પદયાત્રીઓનો પ્રવાહ શરૂ થઈ જતો હોય છે તેમજ મોટી સંખ્યામાં માઇ ભક્તો અહીં આવી પહોંચે છે ત્યારે આ પર્વને લઈને અહીં તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે.

**N.P.** કલ્પના શાહ

---

## વરસાદ

જિલ્લામાં વરસાદની આગાહી વચ્ચે આજે પૂર્વ કચ્છના ભચાઉ, રાપર, અંજાર પંથકમાં ઝાપટા સ્વરૂપે વરસાદ થયો હતો. તો પશ્ચિમ કચ્છના નખત્રાણા પંથકમાં અને મુન્દ્રા ખાતે પણ ઝાપટાં અને ઝરમર સ્વરૂપે વરસાદ થયો હતો. જિલ્લા કંટ્રોલ રૂમ પરથી મળેલી માહિતી અનુસાર આજે સવારે 6થી સાંજના 6 સુધી સૌથી વધુ નખત્રાણા ખાતે 23 મિ.મિ., રાપર ખાતે 6 મિ.મિ., ભચાઉ 4 મિ.મિ., અંજાર 3 મિ.મિ. અને મુન્દ્રા ખાતે 1 મિ.મિ. વરસાદ નોંધાયો હતો. દરમિયાન હવામાન વિભાગ દ્વારા આવતી કાલે કચ્છ, મોરબી અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદનું યેલો એલર્ટ અપાયું છે.

કલ્પના શાહ / કંટ્રોલ રૂમ

---